ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# વાત ગાંધીનગરની

ગાંધીનગરમાં એક તરફ પેટા ચૂંટણીના દાવપેચની ચર્ચાઓ ચાલે છે તો બીજી તરફ મનપાની સામાન્ય સભાના અસામાન્ય દ્રશ્યોના પડઘાને પ્રતિબિંબ પડે છે. તો સામાન્ય નાગરિકો નવરાત્રીના સ્મરણો વાગોળે છે અને સાહિત્યકારો ર૩મીની મતગણતરીની આગાહીઓ કરે છે. આમ શહેરમાં અલગ અલગ ક્ષેત્રમાં અલગ અલગ વિષયો ઉપર વાતો થાય છે.

**બેવડી નીતિ ક્યાં સુધી..?!**

કોરોનાકાળમાં માસ્ક પહેર્યા વિના બહાર નીકળેલા ગાંધીનગર કે અમદાવાદના નાગરિકોને હજાર-હજાર રૂપિયા દંડ ફટકારાય છે તો પેલી રાજકીય રેલીઓ કે સભાઓમાં શાસક પક્ષના નેતાઓ નિયમોનો છડેચોક ભંગ કરે છે તોય કશુ થતુ નથી. કેમ એમને પંપાળવામાં આવે છે ?! કેમ દંડ વસુલાતો નથી..?! નિયમ સૌના માટે સરખો જ હોવો જોઈએ ક્યાં સુધી આવી બેવડી નીતિ ચલાવાશે.

**દેશ અને પ્રદેશ કરતાં ગાંધીનગર અલગ**

આખા ગુજરાત અને આખા દેશમાં કોંગ્રેસ જૂથબંધીથી છલોછલ છે. આક્ષેપો-પ્રતિ આક્ષેપોની વચ્ચે કોંગ્રેસ તુટી રહી છે અને ભાજપ અનેક ચણભણોની વચ્ચે પણ શિસ્તબધ્ધ રીતે સમગ્ર દેશમાં શિસ્તબધ્ધ પક્ષ તરીકે ઉપસી રહ્યો છે, પરંતુ ગાંધીનગરની તાસીર અલગ છે. અહીં કોંગ્રેસ શિસ્તબદ્ધ રીતે સંગઠિત છે અને ભાજપમાં શિસ્તના લીરેલીરા ઉડી રહ્યા છે. એમ રાજકીય ક્ષેત્રમાં દેશ અને પ્રદેશ કરતાં ગાંધીનગરનું ચિત્ર વિપરીત સ્થિતિ દર્શાવે છે.

**મુખ્યમંત્રી ર૪મીએ ગિરનાર જશે**

સતત ત્રણ મહિના સુધી ગાંધીનગરમાં રહી સરકારનું નેતૃત્વ કરતાં મુખ્યમંત્રી વિજય રૂપાણી ર૪મીએ એશિયાના સૌથી લાંબા ગિરનાર રોપવેના લોકાર્પણ સમારોહમાં હાજરી આપવા જશે. ૫૩ વર્ષ બાદ સાકાર થઈ રહેલ ગિરનાર રોપવેનું સ્વપ્ન વાસ્તવિક બની રહ્યું છે ત્યારે ૮૦૦ યાત્રિઓ દર કલાકે આ રોપવેમાં પરિવહન કરી શકશે. છેલ્લી માહિતી મુજબ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દિલ્હીથી ગિરનાર રોપવેનું ઈ-લોકાર્પણ કરશે. ગુજરાતના પ્રવાસન ક્ષેત્રની આ સિદ્ધિ ઐતિહાસિક બની રહેશે.

**વર્ચ્યુઅલ ગરબાની બોલબાલા**

ગાંધીનગર અને ગુજરાતમાં અઢી દાયકાથી જનમાનસ પર સામ્રાજ્ય કરતું નવરાત્રી પર્વ જાજરમાન માહોલમાં ઉજવાતુ હતુ. પરંતુ આ વર્ષે કોરોનાના કપરાકાળમાં સામુહિક ઉજવણીને ગ્રહણ લાગ્યું છે. માતાજીની આરતીની છુટ જરૂર અપાઈ છે પરંતુ ગરબા ઉપર પ્રતિબંધ છે એટલે સોશિયલ મિડીયાના માધ્યમથી ઘેર-ઘેર ગરબા ગવાશે. ગુજરાતના અનેક જાણીતા અને લોકપ્રિય ગાયકો અને સંગઠનો યુટ્યુબ અને ફેસબુકના માધ્યમથી નવે-નવ દિવસ વૈવિધ્યપૂર્ણ ગરબા પ્રસારિત કરશે. ગરબાપ્રેમીઓ ઘરના આંગણામાં સજી-ધજીને ગરબા ગાશે અને એના વિડીયો સોશિયલ મીડિયામાં ધૂમ મચાવશે. આ નવરાત્રીમાં એક્ચુઅલ નહી વર્ચ્યુઅલ ગરબાની બોલબાલા રહેશે.

**આજનો 'અર્ક'...**

પથ્થર બનીને ઠેસ પહોંચાડવા કરતાં પગથિયુ બનીને ઠેઠ પહોંચાડીએ.

# ભાજપના ૬ કાઉન્સિલરોને કારણદર્શક નોટીસ

**મનપાની સામાન્ય સભાત્યાગ કરનાર ૬ ભાજપી કાઉન્સીલરોને શહેર સંગઠન દ્વારા કારણદર્શક નોટીસ થમાવતા રાજકીય ગરમાવો**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગર પાલિકાની સામાન્ય સભામાં ભાજપના ૬ સભ્યોએ કરેલા સભાત્યાગ પછી હરકતમાં આવેલ શહેર ભાજપ સંગઠન તરફથી આ ૬ સભ્યોને કારણદર્શક નોટીસ પાઠવી અને ૩ દિવસમાં ખુલાસો કરવા જણાવાયુ છે.

આ નોટીસમાં સંકલન સમિતિની સવારે મનપા ખાતે મળેલી બેઠકમાં પણ તેમની ગેરહાજરી હતી તેવી વાત કહેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

આ ૬ સભ્યોને આજે નોટીસ આપવામાં આવતાં જ શહેરના રાજકીય વર્તુળોનો માહોલ ગરમાઈ જવા પામ્યો છે.

૧૩મી ઓક્ટો.ના રોજ મનપાની સામાન્ય સભા ગાંધીનગર મનપાના સભાખંડમાં મળી હતી. આ બેઠકમાં એજન્ડામાં દર્શાવવામાં આવેલ ભરતી-બઢતીના નિયમો જે સ્થાયી સમિતિમાં રજુ થયા હતા તેમાં ભાજપના જ પ્રણવ પટેલે સુધારા રજુ કર્યા હતા જેના પરની ઉગ્ર ચર્ચાને અંતે આ ૬ સભ્યોએ વિરોધ કર્યો હતો.

જો કે આ દરખાસ્તને પાછળથી કોંગ્રેસના સમર્થન સાથે મંજૂર કરવામાં આવી હતી. જે ૬ સભ્યોએ બહિષ્કાર કર્યો હતો તેમાં સ્થાયી સમિતિના પૂર્વ ચેરમેન મનુભાઈ પટેલ, પૂર્વ ડે. મેયર કાર્તિકભાઈ પટેલ, નીતિનભાઈ પટેલ, પાર્વતીબેન પરમાર, પ્રીતીબેન દવે અને પ્રવિણાબેન દરજીનો સમાવેશ થાય છે.

આ બેઠકમાં સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા કોરોનાની સારવાર માટે હોસ્પિટલમાં હોવાથી હાજર રહ્યા ન હતા. જ્યારે કોંગીના કાઉન્સીલર ઉર્મિલાબેન ઓનલાઈન બેઠકમાં હાજરી આપી હતી.

આ બેઠકમાં સુધારા-દરખાસ્ત દરમ્યાન ભાજપના જ સભ્યોએ સુધારા દરખાસ્તોને લઈ કેટલાક મહત્વના મુદ્દાઓ ઉપસ્થિત કર્યા હતા પરંતુ કોંગ્રેસના સમર્થન સાથે આ મુદ્દાઓનો સ્વીકાર કરાશે તેવી ગંધ આવતાં આ ૬ સિનીયર કાઉન્સીલરોએ સભાત્યાગ કર્યો હતો.

મનપાની સામાન્ય સભામાં બનેલી વિવાદની આ ઘટનાનો ક્રમ હજુ થોભવાનું નામ લેતુ નથી અને વિવાદ વધુ ને વધુ ઉગ્ર બનતાં પાટનગરના સ્થાનિક રાજકીય વર્તુળોમાં તેની ચર્ચા ટોક ઓફ ધી ટાઉન બની રહી છે.

# ગાંધીનગર સિવિલમાં કોરોનાની રસીનું ક્લીનીકલ ટ્રાયલ થશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હવે કોરોના રસીનું ક્લીનીકલ ટ્રાયલ શરૂ કરવામાં આવશે.

રાજ્યની પાંચ મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલોને આ મંજૂરી આપવામાં આવી છે. જેમાં બી.જે. મેડિકલ કોલેજ, એમ.કે. શાહ કોલેજ ચાંદખેડા, જી.એમ.ઈ.આર.એસ. સોલા, એસ.જી.વી.પી. મેડિકલ કોલેજ અને જીએમઈઆરએસ મેડિકલ કોલેજ ગાંધીનગરનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ભારત બાયોટેક દ્વારા આ રસી બનાવવામાં આવી રહી છે તેના ક્લીનીકલ ટ્રાયલ માટે આ મંજૂરી આપવામાં આવી છે.

ગાંધીનગર-શહેર અને જિલ્લામાં ચાર હજારથી વધુ કોરોનાના કેસો નોંધાયેલા છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ એ કોવિડ-૧૯ માટે ડેઝીગ્નેટેડ હોસ્પિટલ છે અને ત્યાં ૩૦૦ બેડ છે. સિવિલમાં હાલ ર૦૦ જેટલા દર્દીઓ સારવાર હેઠળ છે.

# ઉપ સચિવ તરીકેની બઢતીનો હુકમ થયો પણ હાજર ના થઈ શક્યા

ગાંધીનગર, તા. ૧૫

સચિવાલયમાં સેક્શન અધિકારી સંવર્ગમાં સેવારત ગણપતભાઈ બી. વણઝારાને તાજેતરમાં રાજ્ય સરકારે ઉપ સચિવ તરીકે બઢતી આપવાના હુકમો કર્યા હતા તેમાં તેમનો સમાવેશ થતો હતો. પરંતુ ઉપ સચિવ તરીકેનો ચાર્જ સંભાળે તે પહેલાં જ તેઓનું કોરોનાની સારવાર દરમ્યાન અવસાન થતાં સચિવાલયના અધિકારીઓ અને કર્મચારીઓમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે સ્વ. વણઝારા કોરોનાની ઝપટમાં આવી ગયા હતા અને ગાંધીનગરની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા હતા. જ્યાં તેઓનું સારવાર દરમ્યાન મોત થયુ છે.

સ્વ. વણઝારા છેલ્લે સામાજિક અને ન્યાય અધિકારીતા વિભાગમાં સેક્શન અધિકારી તરીકે ફરજો બજાવતા હતા. તેઓ સેક્શન અધિકારી તરીકે પણ સૌના પ્રિય હતા. સાલસ સ્વભાવથી તેમણે તેમની આગવી ઓળખ ઉભી કરી હતી.

સ્વ. વણઝારા સતત ઉપ સચિવ તરીકે બઢતી મળે તેવી ખેવના રાખતા હતા. દાહોદ જિલ્લાના તેઓ વતની હતા. તેમનો એક દિકરો મેડીકલનો અભ્યાસ કરે છે. જ્યારે મોટા દિકરાનો અભ્યાસ પણ હમણાં જ પુરો થયો છે. સ્વ. વણઝારાના પિતાશ્રીનું પણ ગત વર્ષે અવસાન થયુ હતુ. તેઓ નિવૃત્ત ઉપ સચિવ હતા અને સાહિત્ય સાથે તેમનો અલગ લગાવ હતો. સે. ૪-સી માં

● અનુસંધાન પાના - ૭ પર

# ઈન્દ્રોડા પાર્કમાં મુલાકાતીઓના ઓટોમેટીક થર્મલ સ્ક્રીનીંગની વ્યવસ્થા

**એક કલાકમાં માત્ર ૫૦ જ મુલાકાતીઓને પ્રવેશ : મુલાકાતીઓના આધારકાર્ડ નામ નંબર સાથેની યાદી પણ તૈયાર કરવામાં આવે છે : બપોરે ૧ બાદ પ્રવેશ બંધ : પશુ પક્ષીઓને કોરોનાનુ સંક્રમણ ન લાગે તે માટે પણ વિશેષ કાળજી**

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગરનો ઈન્દ્રોડા પાર્ક આજથી શરૂ થઈ ગયો છે. જો કે કોરોના સંક્રમણ કાળમાં ઈન્દ્રોડા પાર્કમાં પ્રવેશ માટેના નિયમો પણ કડક કરી દેવાયા છે. પાર્કમાં સવારે ૯ થી ૧ સુધી જ પ્રવેશ આપવામાં આવી રહ્યો છે જયારે દર કલાકે માત્ર ૫૦ મુલાકાતીઓને જ એન્ટ્રી અપાશે. આ ઉપરાંત મુલાકાતીઓનુ ઓટોમેટીક થર્મલ સ્કીનીંગ અને માસ્ક ડીટેકશન માટે પણ જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રાણીઓ અને પક્ષીઓને કોરોનાનુ સંક્રમણ ન લાગે તે માટે પણ જરૂરી નિયમોનુ કડક પાલન કરવામાં આવી રહ્યુ છે.



કોરનાના કપરા કાળ દરમિયાન ગાંધીનગરમાં ઈન્દ્રોડા પાર્ક ઘણાં સમયથી બંધ હતો જયારે અનલોક પાંચના અંતે આજથી પાર્ક શરૂ કરી દેવાયો છે. જો કે સરકારી ગાઈડ લાઈનના અમલ સાથે પાર્કમાં પ્રાણીઓ અને પક્ષીઓને પણ કોરોનાનુ સંક્રમણ ન લાગે જેની સુરક્ષાને અનુલક્ષીને પણ જરૂરી નિયમોનુ કડક પાલન કરવામાં આવી રહ્યુ છે. સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહીતી પ્રમાણે પ્રતિકલાક પાર્કમાં માત્ર ૫૦ મુલાકાતીઓને જ પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. પ્રવેશદ્વારે ઓટોમેટીક થર્મલ સ્કિનીંગ અને માસ્ક ડિટેકશન કેમેરા ગોઠવવામાં આવ્યા છે. જેમાં કોઈ મુલાકાતીઓનુ ટેમ્પ્રેચર વધુ હોય અગર માસ્ક ન પહેર્યુ હોય તો પણ તેમાં માર્કીગ થાય તે મુજબની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. કોરોનાની મહામારીને અનુલક્ષી પ્રત્યેક મુલાકાતીઓનુ કોન્ટેક્ટ ટ્રેસીંગ થઈ શકે તે મુજબ આધારકાર્ડ ,



નામ નંબર સહીતની વિગતોનો પણ રેકર્ડ રાખવામાં આવી રહ્યો છે. જેથી જરૂર પડે તો કેસને અનુલક્ષી કોન્ટેક્ટ ટ્રેસીંગ પણ થઈ શકશે. પાર્કમાં વિવિધ જગ્યાએ સેન્સર આધારિત સેનેટાઈઝર મશીનની

● અનુસંધાન પાના - ૭ પર

# સેકટરોના એપ્રોચ ફોરટ્રેક બનાવવા હવે કામ શરૂ કરાશે

**સેકટરોના એપ્રોચ માર્ગ વચાળે સેન્ટ્રલ વર્જ અસ્તિત્વમાં આવશે : લાઇટીંગ પોલ્સ પણ નાંખવામાં આવશે : ફુટપાથનુ પણ નિર્માણ કરાશે**

ગાંધીનગર તા ૧૫

શહેરના સેકટરોના એપ્રોચ માર્ગને ફોરટ્રેક કરવા માટે ટુંકમાં કામગીરી શરૂ કરી દેવાશે. સેકટરોના અંદાજિત ૧૬૦ એપ્રોચ માર્ગોને ફોરટ્રેક કરવામાં આવશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૩૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. એપ્રોચ માર્ગને ફોરટ્રેક કરવાની સાથે માર્ગ વચાળે સેન્ટ્રલ વર્જ અસ્તિત્વમાં આવવાની સાથે લાઈટીંગ પોલ્સ પણ નાંખવામાં આવશે. મહીનાના અંતમાં એપ્રોચ માર્ગની કામગીરી શરૂ કરી દેવાશે.

શહેરના સેકટરોમાં એપ્રોચ માર્ગોને ફોરટ્રેક કરવાની યોજના અન્વયે મહીનાના અંતમાં કામ શરૂ કરી દેવાશે. શહેરના મુખ્યમાર્ગો સિકસલેન છે. જયારે મુખ્યમાર્ગો પર ટ્રાફિકનુ પ્રમાણ વધી રહ્યુ છે. હાલમાં પણ શહેરના મુખ્યમાર્ગો પર માર્ગ સલામતની સંબંધિત જોખમી સ્થિતિ સર્જાઇ છે. જો કે ક્રોસ રસ્તાઓ પર અકસ્માતોને નિવારવા માટે સોલાર બ્લિન્કર્સ મુકવાનુ કામ પણ શરૂ કરી દેવાયુ છે. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા શહેરમાં સેકટરોની વસતી મુજબ પાણી ગટર સહીતની આનુસંગિક વ્યવસ્થાઓ પણ અપગ્રેડ કરવાનુ આયોજન કરી દેવાયુ છે. જયારે સેકટરની વસતી મુજબ શહેરમાં ટ્રાફિકનો સિનારીયો પણ બદલાયો છે. ત્યારે સેકટરોના આંતરિક માર્ગોની પણ સમયાંતરે સુધારણા હાથ ધરવામાં આવે છે. બીજીતરફ હવે સેકટરોના એપ્રોચ માર્ગોને પણ ફોરટ્રેક કરવા માટે આયોજન કરી દેવાયુ છે. સેકટરોના એપ્રોચ માર્ગોને ફોરટ્રેક કરવા માટેની યોજના ઘણાં સમયથી કાગળ પર હતી જયારે હવે કોર્પોરેશન દ્વારા હવે શહેરના તમામ સેકટરોમાં એપ્રોચ માર્ગોને ફોરટ્રેક કરવાની કામગીરી હાથ ધરાશે. આ યોજના અન્વયે સેકટરોના પ્રવેશદ્વાર સમા એપ્રોચ રસ્તાઓનુ વાઈડનીંગ થશે જયારે માર્ગ વચાળે સેન્ટ્રલ વર્જ પણ અસ્તિત્વમાં આવશે. સેન્ટ્રલ વર્જમાં લાઈટીંગ પોલ્સ પણ મુકાશે. ફોરટ્રેકની યોજના અન્વયે આસપાસ વોક વે પણ બનશે. ફુટપાથ નિર્માણ સહીતની આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૩૦ કરોડનો ખર્ચ કરાશે. આ કાર્યયોજનાને અનુલક્ષીને ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. મહીનાના અંતમાં કામ શરૂ કરી દેવાશે. સેકટરોના એપ્રોચ ફોરટ્રેક બનાવવાની કામગીરીના અંતે સેકટરોના પ્રવેશદ્વાર પાસે વાહનવ્યવહારની અવરજવર વધુ સરળ અને સલામત બનશે. છેલ્લા ઘણાં સમયથી સેકટરોમાં વાહનોની અવરજવર વધી ગઈ છે. વાહનોની સંખ્યા વધતા ટ્રાફિકનુ પ્રમાણ પણ વધ્યુ છે. ત્યારે ફોરટ્રેક બનાવાની કામગીરીના અંતે રોડ સેફટીના પરિબળોને પણ વેગ મળશે.

# શહેરમાં સતત બીજા દિવસે વધુ ર૧ કેસ

**નવા નોંધાયેલા કેસોમાં સેક્ટર-ર૬માંથી ૫ કેસ, જીઈબીમાંથી ર કે, સેક્ટર-૫માંથી ર કેસ, સે. ૭માંથી ૩ કેસ ઉપરાંત સે. ૧૯, ર૦, ર, ૬, ૧, ૩, ૧૩ અને ૩૦માંથી પણ કેસ મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં સેક્ટર-ર૬ માંથી આજે એક જ દિવસમાં કોરોનાના પાંચ કેસ અને સે. ૭ માંથી વધુ ૩ કેસ મળી આવતાં શહેરભરમાં ચકચાર મચી જવા પામી છે.

શહેરમાં આજે કોરોનાના વધુ ર૧ કેસ મળી આવ્યા છે. આ સાથે જ શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૧૬૦૦ને પાર કરી ગઈ છે. આજે સતત બીજે દિવસે પણ ર૧ કેસ મળી આવ્યા છે.

છેલ્લા ત્રણ દિવસમાં શહેરમાં ૬૦ થી વધુ કેસ નોંધાયા હોવાથી શહેરભરમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. ગાંધીનગર શહેરમાં જે ગતિએ કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

કોરોના તેના ત્રીજા તબક્કામાં પ્રવેશી ચુક્યો હોવાની લોકજીભે ચર્ચા થઈ રહી છે. જો કે તંત્ર દ્વારા આ વાતનો સ્વીકાર કરવામાં કે પુષ્ટી આપવામાં આવી નથી.

આજે નોંધાયેલા કેસોમાં સે. ર૬ માંથી પાંચ કેસ, જીઈબીમાંથી ર કેસ, સે. ૫ માંથી ર કેસ, સે. ૭ માંથી ૩ કેસ ઉપરાંત સે. ૧૯, ર૦, ર, ૬, ૧, ૩, ૧૩ અને ૩૦ માંથી પણ કેસ મળી આવ્યા છે.

આજે પણ હોમ આઈસોલેશનમાં રહી સારવાર મેળવવાનો વિકલ્પ પસંદ કરનારા દર્દીઓની સંખ્યા મોટી છે.

સે. ર૬ માં કોરોનાએ તેનુ આક્રમણરૂપ ફરી બતાવ્યુ છે. આજે આ સેક્ટરમાંથી પાંચ કેસ મળી આવતાં તંત્રમાં પણ હડકંપ મચી જવા પામ્યો છે. એક દંપત્તિ સહિત પાંચ કેસ નોંધાયા છે.

સે. ર૮ માં આઈસ ફેક્ટરી ધરાવતા ૪૯ વર્ષીય પુરૂષ અને ૪૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ર૯ વર્ષીય એક વિદ્યાર્થીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ર૬ માં જ રહેતા અને એલઆઈસીના એજન્ટ તરીકે કામ કરતા ૪૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ચારેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

આ ઉપરાંત એક ૬૫ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે અને તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

સે. ર૪ માંથી ૪૧ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

જીઈબીમાંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. માતા-પુત્ર કોરોનાની ઝપટે અહિ ચડ્યા છે. ૩૪ વર્ષીય ગૃહીણી અને ૧૧ વર્ષીય દિકરો જે અભ્યાસ કરે છે તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૯ માં રહેતા અને સચિવાલય સંકુલમાં નાયબ સચિવ સંવર્ગમાં ફરજો બજાવતા ૪૫ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ર૦માંથી ૫૩ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ર માં રહેતા અને આરોગ્ય વિભાગમાં અધિકારી તરીકે સેવાઓ આપતા ૬૧ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે

● અનુસંધાન પાના - ૭ પર

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૩ કેસ

**સારવાર દરમ્યાન એકનું મોત : ગાંધીનગરમાંથી ૭ કલોલ અને માણસામાંથી 3-3 કેસ મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે વધુ ૧૩ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોમાં સતત ચડાવ-ઉતાર જોવા મળતાં તંત્રની કામગીરી વધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા દર્દીઓમાંથી આજે સારવાર દરમ્યાન વધુ એક દર્દીનું મોત થયુ છે. ગાંધીનગર તાલુકાના ૫૦ વર્ષીય આધેડનું સારવાર દરમ્યાન મોત થયુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા મૃત્યુદરને લઈ તંત્રની ચિંતાઓ ઘેરી બની છે.

આજે નોંધાયેલા કેસોમાં ૮ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૮૫ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

ગ્રામીણ વિસ્તારમાં કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે. જો કે તંત્રએ રેપીડ એન્ટીજન ટેસ્ટ સહિતની કામગીરીને સઘન બનાવી દીધી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૭૦ હજારથી વધુ લોકોના એન્ટીજન ટેસ્ટ કરવામાં આવ્યા છે.

જિલ્લામાં આજે ગાંધીનગરમાં ૭, માણસામાં ૩ અને કલોલમાં ૩ કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકાના રૂપાલ ગામેથી ટૂંકમાં જ સેવા નિવૃત્ત થયેલ કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. રાંધેજામાંથી ૭૦ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ઝુંડાલ ગામેથી ૩૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો

● અનુસંધાન પાના - ૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-ર૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ર૩રર૧ર૧૪, ર૩રર૬૦૦૮,
મો. ૯૮ર૪ર૩૭૦૦૮ (ઘર) ર૩ર૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-ર સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ર૩રર૭૦૦૮, ૯૮ર૫૪૩ર૧૮૬
સેક્ટર-ર૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ર૩ર૮૭૩રર
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેકટર-ર૬ માં
સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
EMERGENCY 24 HOURS SERVICES
સુવિધાઓ
● આઈ.સી.યુ.ની સુવિધા ● 2D Echo
● અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-ર હાઈ ફ્રિકવન્સી એક્સ-રે મશીન
● સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
● એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
● મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા
ઉપલબ્ધ સારવાર
ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન
સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન
મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ
પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી
કાન, નાક, ગળા વિભાગ (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર
ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન
For Appointment : Mo. : 84698 80550
OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેકટર-ર૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦
કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮ર૫૦૩૮૩૭૮

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ર૩રરર૫૭૧, ફેક્સ : ર૩ર૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com